સીસીઆરએએસ-પરંપરા

પરંપરાગત આરોગ્ય પદ્ધતિઓનું દસ્તાવેજીકરણ, મૂલ્યાંકન અને વૈજ્ઞાનિક માન્યતા

સીસીઆરએએસ-પરંપરા પરંપરાગત જ્ઞાન પ્રદાતાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી પરંપરાગત તબીબી પદ્ધતિઓનું દસ્તાવેજીકરણ અને ચકાસણી કરે છે. પુરાવા-આધારિત મૂલ્યાંકનને અપનાવીને, તે બિન દસ્તાવેજીકૃત પરંપરાગત/દેશી જ્ઞાન અને ઔપચારિક વૈજ્ઞાનિક મૂલ્યાંકન વચ્ચેના અંતરને દૂર કરે છે, જે સંશોધન અને વિકાસ માટે નવા માર્ગો ખોલવાની સાથે ભારતના તબીબી વારસાનું સંરક્ષણ સુનિશ્ચિત કરે છે.

હેતુઓ

- સ્થાનિક સ્વાસ્થ્ય પરંપરાઓ (LHTs), મૌખિક સ્વાસ્થ્ય પરંપરાઓ (OHTs), અને એથ્નોમેડિકલ પદ્ધતિઓ (EMPs) નું વ્યવસ્થિત દસ્તાવેજીકરણ અને ચકાસણી કરવી.
- એથ્નોવેટરિનરી (લોક પશુચિકિત્સા) પદ્ધતિઓનું વ્યવસ્થિત દસ્તાવેજીકરણ અને ચકાસણી કરવી.
- યોગ્ય દાવાઓ/પદ્ધતિઓની વૈજ્ઞાનિક યોગ્યતાના આધારે સંશોધન અભ્યાસો (પ્રિકલિનિકલ / ક્લિનિકલ, વગેરે) હાથ ધરવા.

કાર્યસંચાલન માર્ગદર્શિકા

01 તબક્કો ૧:

- ભાગ A: પરંપરાગત દાવાઓ / પદ્ધતિઓનું પ્રાથમિક મૂલ્યાંકન
- ભાગ B: ક્ષેત્ર મુલાકાત (જરૂરિયાત મુજબ)

02 તબક્કો ૨:

- આંતરિક ચકાસણી સમિતિ (ISC) માં સમીક્ષા
- નિષ્ણાત સમીક્ષા
- વૈજ્ઞાનિક ચકાસણી
- પુરાવા નિર્માણ

પરંપરાગત આરોગ્ય જ્ઞાન ધરાવતા અને રસ ધરાવતા જ્ઞાનપ્રદાતાઓ દસ્તાવેજીકરણ માટે નિયત પ્રારૂપ (ભાગ–I) યોગ્ય રીતે ભરી, સંબંધિત આધારરૂપ દસ્તાવેજો સાથે, ટપાલ દ્વારા સીસીઆરએએસ (CCRAS) ના સરનામે અથવા ઈ-મેઇલ મારફતે મોકલી શકે છે.

ccrasparampara@gmail.com

સરનામું:-સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન આયુર્વેદિક સાયન્સિસ, જવાહર લાલ નેહરુ ભારતીય ચિકિત્સા એવમ હોમિયોપેથી અનુસંધાન ભવન, ઇન્સ્ટીટ્યુશનલ એરિયા, 'ડી' બ્લોકની સામે, જનકપુરી, નવી દિલ્હી - ૧૧૦૦૫૮

www.ccras.nic.in